# એક્સક્લુડ્ડ ન્યૂ જર્સિયન ફંડ (ENJF)

**જો તમને ફેડરલ સ્ટીમ્યુલસ ચેક અને COVID-19 સંબંધિત બેરોજગારી સહાય બંનેમાંથી બાકાત રાખવામાં આવ્યા હોય, તો તમે ENJF પ્રોગ્રામ માટે લાયક હોય શકો છો. ENJF એ એક-વખત માટેનો રોકડ સહાય કાર્યક્રમ છે જ્યાં પાત્ર પરિવારોને પાત્ર વ્યક્તિ દીઠ $1,000 સુધીનો અને ઘર દીઠ વધુમાં વધુ $2,000નો લાભ મળશે.**

## તમે આ માટે અરજી કરવા પાત્ર છો જો એક્સક્લુડ્ડ ન્યૂ જર્સિયન ફંડ:

તમે ફેડરલ COVID-19 સ્ટીમ્યુલસ ચેક્સ અને પેન્ડેમિક બેરોજગારી સહાય બંનેમાંથી સહાય પ્રાપ્ત કરવા માટે લાયક ન હતા અને તમને બાકાત રાખવામાં આવ્યા હતા.

તમે COVID-19 રોગચાળાને કારણે નાણાકીય મુશ્કેલી અનુભવી હતી.

તમારાપરિવારની આવક $55,000 કે તેનાથી ઓછી છે.

તમે ન્યુ જર્સીમાં રહો છો અને 18 વર્ષથી વધુ આયુના છો.

## શું તમે COVID-19 થી પ્રભાવિત થયા છો?

આનો અર્થ એ કે તમારા પરિવારે તેનો અનુભવ કર્યો છે:

- રોગચાળાને કારણે નાણાકીય મુશ્કેલી ઊભી થઈ કારણ કે છટણી/કામના કલાકોમાં ઘટાડો થવાને કારણે તમે આવક ગુમાવી છે
- આઈસોલેશન/ક્વોરેન્ટીનને કારણે અથવા તમારા બાળકના દૂરસ્થ શાળાના શિક્ષણ શેડ્યૂલને કારણે કામ કરવામાં અસમર્થ
- બીમારી અને/અથવા COVID-19 ને કારણે મૃત્યુ; અથવા
- તમારી આવક ગુમાવવાના કારણે બિલ ચૂકવવામાં અસમર્થ.

***ExcludedNJFund.nj.gov*** ની મુલાકાત લો અને તમે પાત્ર છો કે નહીં તે જોવા માટે Eligibility Criteria (પાત્રતા માપદંડ) પૃષ્ઠ પર ક્લિક કરો.

## તે કેવી રીતે કાર્ય કરે છે

- ઓનલાઈન અરજી કરો ***ExcludedNJFund.nj.gov***
- તમારે ઉંમર, ઓળખ, રહેઠાણ, આવક અને COVIDને કારણે થયેલ મુશ્કેલીનો પુરાવો આપવો પડશે.
- તમે માત્ર ત્યારે જ અરજી કરી શકો છો જો તમને ફેડરલ સ્ટિમ્યુલસ ચેક અને COVID-સંબંધિત બેરોજગારી સહાય બંનેમાંથી બાકાત રાખવામાં આવ્યા હોય.

*જ્યાં સુધી ભંડોળ સમાપ્ત ન થાય ત્યાં સુધી અરજીઓ પ્રાપ્ત થાય તે ક્રમમાં પ્રક્રિયા કરવામાં આવશે.*

જો તમને એપ્લિકેશનમાં મદદની જરૂર હોય, તો તમે સહાય માટે અમારા DHS સમુદાય આધારિત ભાગીદારોનો પણ સંપર્ક કરી શકો છો. ***ExcludedNJFund.nj.gov*** ની મુલાકાત લો અને Application Assistance (એપ્લિકેશન સહાયકોની) સૂચિ માટે એપ્લિકેશન સહાયતા પૃષ્ઠ પર ક્લિક કરો.


State of New Jersey
Phil Murphy, રાજ્યપાલ
Sheila Oliver, નાયબ રાજ્યપાલ

Department of Human Services
Sarah Adelman, કાર્યકારી કમિશનર

NJONA
NEW JERSEY OFFICE OF NEW AMERICANS